ગાંધીનગર સમાચાર

કંગાળ ભાસતા સ્ટ્રીટલાઈટના થાંભલા જોખમી હાલતમાં



**હીલ સ્ટેશનનો અહેસાસ** - આજકાલ ગાંધીનગરની વહેલી સવાર હીલ સ્ટેશનનો અહેસાસ કરાવે છે... વાદળછાયુ વાતાવરણ અને ચોતરફ ઠંડકમાં લહેરાતી વૃક્ષની ડાળખીઓ હીલ સ્ટેશનની સ્મૃતિઓ તાજી કરાવે છે... સ્વર્ણિમ પાર્કની વિશાળ હરિયાળીમાં નિર્માણ કરાયેલો વૉકવે જાજરમાન લાગે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ચ-૩ સર્કલ આસપાસ ટ્રાફિક આઈલેન્ડ બનાવવા વિચારણા

## અકસ્માત નિવારવા તંત્ર દ્વારા અભ્યાસ હાથ ધરાયો : ટૂંકમાં ડિઝાઈન આખરી થશે

ગાંધીનગર, તા.૧૯

શહેરનો ચ-૩ વિસ્તાર અકસ્માત ઝોનમાં ફેરવાતા માર્ગ સલામતી જોખમાઈ છે. ચ-૩ સર્કલ પર વાંરવાર ભારે વાહનો પલ્ટી ખાતા અકસ્માત સર્જાય છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા અકસ્માત નિવારવા આ વિસ્તારમાં જરૂરી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. જેના અંતે ઘ-૪ની પેટર્ન મુજબ સર્કલની બંને સાઈડ ટ્રાફિક આઈલેન્ડ બનાવવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

શહેરમાં માર્ગ સલામતના નામે મીંડુ ચિતરાયેલું છે. ટ્રાફિક નિયમનના અભાવે રોજબરોજ અકસ્માતો સર્જાય છે. પ્રતિ વર્ષ અકસ્માતનો મૃત્યુઆંક પણ ચોંકાવનારો હોવાનું ધ્યાને આવ્યું છે. શહેરના મુખ્યમાર્ગો પર બેફામ ગતિએ દોડતા વાહનોના લીધે પૈડા પરની જિંદગી જોખમી બની છે. શહેરના હાર્દસમા ચ-૩ વિસ્તારમાં પણ વારંવાર અકસ્માતો સર્જાય છે. જેના લીધે સર્કલ આસપાસની સાઈડ જાણે અકસ્માત ઝોનમાં ફેરવાઈ ગઈ છે. સર્કલ પર વારંવાર ભારે વાહનો પલ્ટી મારતા હોવાના બનાવો બનવા પામે છે. ગત વર્ષ દરમિયાન આ વિસ્તારમાં અકસ્માત નિવારવા તંત્ર દ્વારા સર્કલને નાનું કરવા પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી. પરંતુ વિભાગ કક્ષાએથી કોઈ નિર્ણય ન લેવાતા સર્કલના નવિનીકરણના અંતે પણ અકસ્માતોનો સિલસિલો

● અનુસંધાન પાન-૭ પર

# મેલેરિયા-ડેન્ગ્યુથી બચવા ભરેલા પાણીને વહેતું કરો

## વહેલી સવારે અને સાંજે બારી બારણાં બંધ રાખો : શરીર પુરું ઢંકાય તેવા કપડાં પહેરો ગુગળનો ધૂપ અને લીમડાનો ધૂમાડો કરો



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧૯

ચોમાસાની વરસાદી સીઝન અને ભેજવાળા વાતાવરણને કારણે શહેરમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા વાહકજન્ય રોગો માથુ ઉંચકી રહ્યા છે આ રોગોના દર્દીઓથી દવાખાના ઉભરાઈ રહ્યાં છે ત્યારે જિલ્લા પંચાયતની મેલેરિયા શાખા દ્વારા આ રોગોથી બચવા નાગરિકોને જરુરી સૂચનો કરવામાં આવ્યા છે.

મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા મચ્છરથી ફેલાતા વાહકજન્ય રોગ છે અને આ મચ્છરો ઘરમાં કે આસપાસમાં ભરાતા ચોખ્ખાં બાંધિયાર પાણીમાં ઉત્પન્ન થાય છે. આ પ્રકારના પાણીના ભરાવા, ખાડા ખાબોચિયાં વગેરે દુર કરી પાણી વહેતું કરવું જોઈએ. અઠવાડિયામાં એક વાર તમામ પાણી ભરવાના વાસણો ખાલી કરી તેને અંદરની બાજુએથી ઘસીને સાફ કરી તડકે સુકવવા જોઈએ. નાગરિકોએ આ રોગના મચ્છરોથી બચવા શરીર પુરું ઢંકાય તેવા કપડાં પહેરવા જોઈએ તેમજ ઘર કે ઓફિસ, દુકાનમાં મચ્છર ભગાડવાની અગરબત્તી, રીપલેન્ટનો ઉપયોગ કરવો જોઈએ. સવારના સમયે ગુગળનો ધૂપ તેમજ સાંજે લીમડાનો ધૂમાડો પણ ખુબ અસરકારક છે.

નાગરિકોને મેલેરિયા શાખા દ્વારા વહેલી સવારે તથા સાંજના સમયે ઘરના બારી બારણાં બંધ રાખવા તેમજ ઘરની આસપાસ કે છત ઉપર પડેલા નકામા ટાયરો તથા કાટમાળનો નાશ કરવો. ધાબા ઉપરના આઉટલેટ સાફ કરાવવા તેમજ અન્ય જગ્યાએ ધાબા ઉપર વરસાદી પાણી ભરાઈ ન રહે તે ખાત્રી કરવી લેવી. પક્ષી કુંજ, ફુલદાની, કુંડા, કુલર તથા ફ્રિઝની ટ્રેમાં ડેન્ગ્યુ તથા ચિકનગુનિયાના મચ્છરો ઉત્પન્ન થાય છે તેથી તેમને એક વાર ખાલી કરીને ઘસીને સાફ રાખવા અત્યંત જરુરી છે.

# બી.પી.એલ. યાદી વિના ૨૨મીએ મનપાનો પ્રથમ ગરીબ કલ્યાણ મેળો

## વ્યક્તિ શૌચાલયની સહાયતાના ચેકો અને સખી મંડળોને બેંક ગ્રેડીંગ તથા ૧૫૦થી વધુ અન્ય લાભાર્થીઓને સહાય વિતરણ કરાશે : ગૃહ રાજ્યમંત્રી રજનીકાન્ત પટેલ અને ગુડાના ચેરમેન આશીષ દવે ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકામાં બી.પી.એલ. પરિવારોની યાદી નહિ હોવા છતાં પ્રથમવાર ૨૨મી ઓગષ્ટના રોજ મહાનગરનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે.

ગાંધીનગર મહાનગર પાલિકાની રચના પછી બી.પી.એલ. પરિવારોની યાદી માટે સર્વે કરવા તેમજ તે તૈયાર કરવા માર્ગદર્શન માગતો પ્રસ્તાવ પસાર કરી સરકારમાં મોકલી અપાયો છે પણ સરકાર દ્વારા હજુ આ બાબત અનિર્ણિત છે. આમ છતાં પ્રથમવાર મહાનગરપાલિકાનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે.

મહાનગરપાલિકાના આ ગરીબ કલ્યાણ મેળામાં રાજ્ય ગૃહમંત્રી શ્રી રજનીભાઈ પટેલ તેમજ ગુડાના ચેરમેન શ્રી આશિષ દવે હાજર રહેનાર છે.

મળતી વિગતો પ્રમાણે વ્યક્તીગત શૌચાલયની સહાયના ચેકો, સખી મંડળોને બેંક ગ્રેડીંગ તેમજ અન્ય યોજનાઓના લાભાર્થીઓને આ મેળામાં સમાવવામાં આવ્યા છે.

મહાનગરપાલિકા દ્વારા હાલ તો આ મેળાના આયોજનને લઈ ધમધમાટ તૈયારીઓ ચાલી રહી છે. ૧૫૦ થી વધુ લાભાર્થીઓને સમાવવામાં આવે તેવી શક્યતાઓ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના લાભાર્થીઓને અત્યાર સુધી પ્રાંત કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં સમાવવામાં આવતા હતા.

મહાનગરપાલિકાનો ગરીબ કલ્યાણ મેળો આમ તો ૭મીએ યોજાવાનો હતો પરંતુ તંત્રના અધિકારીઓ બનાસકાંઠાના અસરગ્રસ્ત વિસ્તારોમાં પ્રતિનિયુક્તી પર હોવાથી તે મોકુફ રખાયો હતો. હવે ૨૨મીએ સવારે આ ગરીબ કલ્યાણ મેળો યોજવામાં આવનાર છે.

# કટાયેલી હાલતમાં કંગાળ ભાસતા સ્ટ્રીટલાઈટના થાંભલા જોખમી હાલતમાં

## થાંભલામાં ખુલ્લા વિજવાયરોથી દહેશત : લાઈટીંગ પોલ્સની જાળવણી તરફ દુર્લક્ષ







(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧૯

શહેરમાં છેલ્લા ઘણા સમયથી સ્ટ્રીટલાઈટના પોલ્સ બિહામણા ભાસી રહ્યાં છે. સેક્ટરોમાં કટાયેલા અને કંગાળ ભાસતા લાઈટના થાંભલાઓ પર જાહેરાતના બેનર્સ અને સ્ટીકર્સ ચિપકાવી દેવાયા છે. જયારે ઘણાં-ઠેકાણે ખુલ્લા વીજવાયરોના લીધે સ્ટ્રીટલાઈટના થાંભલા ભયજનક હાલતમાં ગમે ત્યારે જાનલેવા પુરવાર થાય તેવી દહેશત છે.

શહેરના રોડ નેટવર્ક અને બ્યુટીફીકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે માર્ગની આસપાસ ઉભા કરાયેલા લાઈટીંગ પોલ્સ તદ્દન કંગાળ ભાસી રહ્યા છે. સેક્ટરોના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટલાઈટના થાંભળા કટાયેલી અને ખુલ્લી હાલતમાં છે. કંગાળ અને ભયજનક ભાસતા લાઈટના થાંભલા પર જાહેરખબરના સ્ટીકર્સ અને બેનર્સ

● અનુસંધાન પાન-૭ પર

# માણસામાં ૨૧મીએ ગરીબ કલ્યાણ મેળો

ગાંધીનગર, તા. ૧૯

કલોલ પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો ૨૧મી ઓગષ્ટના રોજ માણસા ખાતે યોજાશે. આ ગરીબ કલ્યાણ મેળામાં વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવા, ગુડાના ચેરમેન શ્રી આશિષ દવે તેમજ શ્રી ગણેશભાઈ ચૌધરી ઉપસ્થિત રહેનાર છે. ૪૫ થી પણ વધુ યોજનાઓના ૧૪૭૨ લાભાર્થીઓને આ ગરીબ કલ્યાણ મેળામાં લાભ આપવામાં આવનાર છે. તંત્ર દ્વારા આ મેળાના આયોજનને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. રૂ. ૧ કરોડ ૪૮ લાખની સહાય આ મેળામાં આપવામાં આવશે.



**પાણીનો પોકાર** - શહેરના સેક્ટર-૬ની સેવા વસ્તી પાણી માટે રોજ સવારે લાઈનમાં ગોઠવાય છે... કેવી ગંદકીમાંથી પાણી મેળવવા ઝુંપડાવાસીઓ લાઈન લગાવે છે... જે મળ્યું તે વાસણ લઈને પાણી ભરવા રોજ સવારના આવા દશ્યો ઠેર ઠેર જોવા મળે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# આપણું શહેર-આપણું શાસનના અભિગમ સાથે લોક વિકાસ મંચનો ઉદય

## ગાંધીનગરનો વહીવટ કોર્પોરેશનના બદલે સરકાર હસ્તક લેવા માટે પણ માંગણી કરાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ સામાન્ય નાગરિકોને સ્થાનિક નેતાઓના પક્ષપલ્ટાથી માત્ર રાજકીય તમાશો જોવાનું જ નસીબ થયું છે. પ્રજાના જટીલ પ્રશ્નોનું નિરાકરણ આવી શક્યુ નથી. બીજી તરફ નગરજનોએ વેરો ચુકવવાનો વારો આવ્યો છે. રાજકીય પ્રશ્નો નિવૃત્ત કર્મચારીઓ તેમજ અધિકારીઓની ઉપેક્ષા કરે છે. આવા સંજોગોમાં રાજકીય પક્ષોની નીતિ-રીતીથી ત્રસ્ત બનેલી પ્રજા પણ નગરના વહીવટ માટે નવી કેડી કંડારવા આતુર બની હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. ત્યારે પ્રજાના પ્રશ્નોને વાચા આપવા 'આપણું શહેર આપણું શાસન'ના અભિગમ સાથે નગરમાં લોક વિકાસ મંચ નામની નવી સંસ્થાનો ઉદય થયો છે.

નિવૃત્ત કર્મચારીઓ અને વેપારીઓનું સંગઠન બનાવી મહાનગરપાલિકાનું શાસન અને વહીવટ પ્રજા હસ્તક લાવવા તખતો તૈયાર થઈ ગયો છે. કોર્પોરેશનના સ્થાને નગરનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક લેવાની દીશામાં પહેલ થાય તે માટે પણ સંસ્થા દ્વારા પ્રયાસ હાથ ધરાશે.

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ સેક્ટરોમાં સમસ્યાઓનું સામ્રાજ્ય હજી યથાવત છે. નેતાઓના રાજકીય પક્ષપલ્ટાથી લઈને પ્રજાના જટીલ પ્રશ્નો તરફ ધ્યાન કેન્દ્રીત કરવાનું સાવ વિસરાઈ ગયું છે. સ્થાનિક નાગરિકોના અણગમા વચ્ચે અસ્તિત્વમાં આવેલી મહાનગર પાલિકાના વહીવટમાં કર્મચારીઓની

● અનુસંધાન પાન-૭ પર


## બેસણું



અમારા પ.પૂ.પિતાશ્રી **મહાશંકર ભવાનીશંકર પંડ્યા**નો તા.૧૮/૮/૧૫ને મંગળવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૦/૮/૧૫ને ગુરૂવારના રોજ સવારે ૮ થી ૧૨** રાખેલ છે.

સ્થળ : સી-૧, કિર્તીધામ સોસાયટી-૩, ગામ વાવોલ, ગાંધીનગર. મો. ૯૭૨૪૫૦૧૬૦૫

ગં.સ્વ. પ્રવિણાબેન મહાશંકર પંડ્યા

જયદિપ મહાશંકર પંડ્યા (JD) | દક્ષા અરવિંદકુમાર વ્યાસ
શીતલ જયદિપ પંડ્યા | મનિષા રાજેશકુમાર વ્યાસ
ધ્યાન જયદિપ પંડ્યા | હીના હિમાંશુકુમાર ભટ્ટ

પિયરપક્ષનું બેસણું ઉપર મુજબના સ્થળે અને સમયે રાખેલ છે.
બળવંતરાય નાગરદાસ ત્રિવેદી (અરણેજ)


# શહેરના યુવા અગ્રણી જયદીપ પંડયાના પિતાશ્રીનું અવસાન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના પંચદેવ યુવક મંડળ તથા કલ્ચરલ ફોરમના સક્રીય અગ્રણી જયદીપ પંડયાના પિતાશ્રી મહાશંકર ભવાનીશંકર પંડયાનું ૮૧વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૦મી ઓગષ્ટ ગુરુવારે સવારે ૮ થી ૧૨ વાગ્યા દરમિયાન તેમના નિવાસસ્થાન સી-૧, કિર્તીધામ સોસાયટી-૩, વાવોલ ખાતે રાખવામાં આવ્યું છે.

# આજે સે-૪ અને પમાં મેલેરિયા સર્વેલન્સની કામગીરી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના સે. ૪ અને ૫ માં આજે શહેરી મેલેરિયા દ્વારા સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

સરગાસણ અને આસપાસના વિસ્તારોમાંથી એડીસ મચ્છરોના મળેલા મોટા બ્રીડીંગ અને ત્યાં થયેલી એન્ટી લારવેલની કામગીરી પછી આ વિસ્તારને અડીને આવેલા આ વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સરગાસણની પ્રાર્થના ગ્રીન્સ અને અન્ય સોસાયટી વિસ્તારોમાંથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના બ્રીડીંગ મળ્યા હતા. તંત્ર દ્વારા આ વિસ્તારમાં સઘન સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવી હતી. અર્ધોડઝન જેટલા ડેન્ગ્યુ પોઝીટીવના કેસો પણ મળ્યા હતા જે ઉલ્લેખનીય છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેર અને અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા કર્મચારીઓ તેમજ મોટાભાગના વ્યવહારો પણ અમદાવાદ સાથેના હોવાથી તંત્ર તેની કામગીરી માટે કોઈ કચાશ રાખવાના મુડમાં નથી.

નવા સેક્ટરોમાં કન્સ્ટ્રક્શનના કામો પણ ઘણા બધા હાથ પર હોવાને લઈ તંત્ર દ્વારા હવે સઘન સર્વેલન્સનો વ્યુહાત્મક નિર્ણય કરવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં પણ મેલેરિયાના છુટા-છવાયા કેસો નીકળવાના શરૂ થઈ ચુક્યા છે. ઝેરી મેલેરિયાના કેસો પણ દેખાવા લાગ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુ માટે એલાયઝા ટેસ્ટ થતા નથી પણ ખાનગી હોસ્પિટલોમાં ડેન્ગ્યુના કેસો નોંધાવાના શરૂ થઈ ગયા છે. આથી તંત્રએ હવે સર્વેલન્સને સઘન બનાવવાનો નિર્ણય કરેલ છે.


## કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર

ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૪૫૩૦૦

### વાર્ષિક સામાન્ય સભા

આથી સર્વે કડવા પાટીદાર સમાજના ટ્રસ્ટીશ્રીઓ, દાતાશ્રીઓ તથા સભ્યોને જણાવવાનું કે, આપણા સમાજની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૩-૮-૨૦૧૫ને રવિવારના રોજ સાંજે ૮.૪૫ કલાકે ઉમા સમાજ ભવન, સેક્ટર-૧૨, ગાંદીનગર ખાતે નીચે મુજબના એજન્ડા સારૂ મળનાર છે. તો સર્વે સભ્યોને હાજર રહેવા નમ્ર અપીલ છે.

: એજન્ડા :

(૧) સભાના અધ્યક્ષની વરણી કરવા બાબતે.
(૨) ગત વાર્ષિક સાધારણ સભાની પ્રોસીડીંગને બહાલી આપવા બાબતે.
(૩) તા. ૧-૪-૨૦૧૫થી ૩૧-૩-૨૦૧૫ના વર્ષના હિસાબો મંજૂર કરવા બાબતે.
(૪) સને ૨૦૧૫-૧૬ના વર્ષ માટેની કારોબારીની રચના કરવા બાબતે.
(૫) સને ૨૦૧૫-૧૬ના વર્ષના આંતરિક ઓડીટરની નિમણૂંક કરવા બાબતે.
(૬) પ્રમુખશ્રીની મંજૂરીથી રજૂ થાય તે કામ બાબતે.

(અરવિંદભાઈ પી. પટેલ)
મહામંત્રી
કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર



## મમતા IAS ટ્રેનીંગ સેન્ટર, ગાંધીનગર
સિવિલ સર્વિસ પરીક્ષા તાલીમ કાર્યક્રમ ૨૦૧૫-૧૬

ગુજરાતની સુપ્રસિદ્ધ કેળવણી સંસ્થા સર્વ વિદ્યાલય (કડી) દ્વારા સંચાલિત મમતા IAS ટ્રેનીંગ સેન્ટર, ગાંધીનગરમાં તાલીમ મેળવી ઉચ્ચ વહીવટી કારકિર્દી બનાવવા ઈચ્છુક ઉમેદવારોએ સંસ્થાની વેબસાઈટ www.ksvuniversity.org.in પરથી પ્રવેશ ફોર્મ ડાઉનલોડ કરી તે ભરીને તા. ૧૦-૯-૨૦૧૫ સુધીમાં નીચેના સરનામે ટપાલથી કે રૂબરૂ મોકલી આપવું. પ્રવેશ ફોર્મ તા. ૧૯-૮-૨૦૧૫ થી ઉપલબ્ધ છે,

સંપર્ક : મમતા IAS ટ્રેનીંગ સેન્ટર, ગાંધીનગર

આર. એન. લલિતકલા એકેડેમીના બીજે માળે,
સર્વ વિદ્યાલય કડી કેમ્પસ, ઘ રોડ, સેક્ટર-૨૩, ગાંધીનગર.
Contact : (O) 079-23248008
સમય : સવારે ૧૦ થી સાંજે ૬ (સોમ થી શનિ)



## વહાણવટી મ્યુઝીકલ ગ્રૃપ

સ્ટેજ પ્રોગ્રામ, ગરબાની રમઝટ, લગ્ન પ્રસંગ માટે

- ગાયક -
વિષ્ણુભાઈ નાયક
મો. : ૯૯૨૫૪૧૨૪૨૮
મો. : ૯૬૮૭૪૧૯૫૭૦



SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS | DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION | TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com